For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વોર્ડ-15માં ચૂંટણી જંગ રસપ્રદ બનવાના એંધાણ, ભાજપ-કોંગ્રેસની સામ-સામે આક્ષેપબાજી

કોંગ્રેસના ઉમેદવાર આશિષ જોષીનો તેમના પુત્ર પર ભાજપે હુમલા કર્યાનો આક્ષેપ

મોડી સાંજે બંને પક્ષો વચ્ચે સમાધાન થતાં રાજકીય યુદ્ધનો અંત આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીના જંગમાં વોર્ડ નંબર 15 માં ગુરુવારે ભારે રાજકીય હંગામો જોવા મળ્યો હતો. પૂર્વ કોર્પોરેટર અને હાલ કોંગ્રેસના ઉમેદવાર આશિષ જોષી અને ભાજપના કાર્યકરો વચ્ચે થયેલા વિવાદે આખા શહેરમાં ચર્ચા જગાવી હતી. જોકે, દિવસભરના આક્ષેપ-પ્રતિઆક્ષેપ અને પોલીસ મથકની દોડાદોડી બાદ સાંજ પડતા મામલો થાળે પડ્યો હોય તેમ બંને પક્ષો વચ્ચે સમાધાન થયું હોવાના અહેવાલ સાંપડ્યા છે.

ઘટનાની શરૂઆત પ્રચાર દરમિયાન થઈ હતી, જ્યાં આશિષ જોષીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપના કાર્યકરોએ તેમના પુત્ર યશ જોષી પર હુમલો કર્યો અને તેમના પરિવાર સાથે ગેરવર્તન કર્યું. આ મામલે તેમણે પાણીગેટ પોલીસ મથકે લેખિત ફરિયાદ પણ આપી હતી. જોષીએ આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે ભાજપ હારના ડરથી ગુંડાગીરી પર ઉતરી આવ્યું છે. સામે પક્ષે વોર્ડ નંબર 15 ના ભાજપ પ્રમુખે આ આક્ષેપોને ફગાવતા વળતો પ્રહાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, “આશિષ જોષી માત્ર સહાનુભૂતિ મેળવવા માટે ખોટી અફવાઓ ફેલાવી રહ્યા છે. હકીકતમાં પ્રચારમાં બંને પક્ષો સામસામે આવી જતાં સામાન્ય બોલાચાલી થઈ હતી અને અમારા જ કાર્યકરને ઈજા પહોંચી છે.” ભાજપે આ ઘટનાને આશિષ જોષીનો પબ્લિસિટી સ્ટંટ ગણાવ્યો હતો. દિવસભર ચાલેલા આ રાજકીય જંગમાં સાંજ પડતા આશ્ચર્યજનક વળાંક આવ્યો હતો. બંને પક્ષના આગેવાનો અને સ્થાનિક વડીલોની મધ્યસ્થીથી મામલો થાળે પાડવામાં આવ્યો હતો. ચૂંટણીના માહોલમાં વાતાવરણ વધુ ન ડોળાય તે હેતુથી બંને પક્ષોએ સમજૂતી કરી સમાધાનનો માર્ગ અપનાવ્યો હતો.

ભાજપના વોર્ડ પ્રમુખનો વળતો પ્રહાર: “ખોટી અફવા ફેલાવી માહોલ ડોળવાની કોશિશ”

“હું ઘટના સ્થળે હાજર નહોતો, પરંતુ પ્રચાર વખતે સામસામે આવી જતાં સામાન્ય બોલાચાલી થઈ હોઈ શકે. હકીકતમાં અમારા કાર્યકરને ઈજા થઈ છે, છતાં આશિષ જોષી વિરોધ પક્ષના ઉમેદવાર હોવાથી અને પાયા વગરના આક્ષેપો કરીને ખોટી અફવાઓ ફેલાવી રહ્યા છે. ચૂંટણીમાં હારના ડરથી આ પ્રકારની રાજકીય રમત રમીને તેઓ જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ સત્ય કંઈક અલગ જ છે.”. **- વૃષભ કામદાર,** વોર્ડ નંબર 15 પ્રમુખ

રાજકીય ગરમાવો કે ગુંડાગીરી?

ચૂંટણી એ લોકશાહીનો ઉત્સવ છે, પરંતુ વડોદરાના વોર્ડ-15માં જે પ્રકારના દ્રશ્યો સર્જાયા છે તે ચિંતાનો વિષય છે. પૂર્વ સાથીઓ જ્યારે આમને-સામને ચૂંટણી લડી રહ્યા હોય ત્યારે વ્યક્તિગત આક્ષેપો અને પરિવાર સુધી પહોંચતી ગાળાગાળી રાજકારણના સ્તરને નીચું લાવી રહી છે. શું સત્તા મેળવવા માટે હિંસા અને ડરનો માહોલ ઉભો કરવો એ જ લોકશાહી છે? મતદારો માટે હવે માત્ર ઉમેદવારના કામ જ નહીં, પણ તેમના ટેકેદારોનું વર્તન પણ નિર્ણાયક પરિબળ બની રહેશે.

પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુવિધાઓને અપગ્રેડ કરવા કામગીરી કરાશે

વંદે ભારત વટવા સ્ટેશન પર ટર્મિનેટ કરી વટવા-ગાંધીનગર કેપિટલ વચ્ચે રદ કરાશે

પ્રીકાસ્ટ પોર્ટલ બીમ ઇન્સ્ટોલ કરવા માટે 19 એપ્રિલના રોજ ટ્રાફિક બ્લોક લાગુ કરશે

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ બ્લોકને કારણે વડોદરા ડિવિઝનની ટ્રેનો પ્રભાવિત

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુવિધાઓને અપગ્રેડ કરવા અને રેલવે માળખાગત સુવિધાને મજબૂત બનાવવા માટે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ગેરતપુર-અમદાવાદ સેક્શન પર પ્રીકાસ્ટ પોર્ટલ બીમ ઇન્સ્ટોલ કરવા માટે 19 એપ્રિલના રોજ ટ્રાફિક બ્લોક લાગુ કરશે. આના કારણે ટ્રેનોને અસર થશે.

શોર્ટ ટર્મિનેશન/ઓરિજિનેશન ટ્રેનોમાં ટ્રેન નંબર 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ 19 એપ્રિલના રોજ વટવા સ્ટેશન પર ટૂંકા ટર્મિનેટ કરવામાં આવશે, અને વટવા-ગાંધીનગર કેપિટલ વચ્ચે રદ કરવામાં આવશે. ટ્રેન નંબર 20902 ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ 19 એપ્રિલે અમદાવાદ સ્ટેશનથી ઉપડશે અને ગાંધીનગર કેપિટલ-અમદાવાદ વચ્ચે રદ કરવામાં આવશે. જ્યારે, રદ કરાયેલ ટ્રેનોમાં ટ્રેન નં. 69102 વટવા-વડોદરા મેમુ 19 એપ્રિલે રદ કરવામાં આવશે. ટ્રેન નં. 69115 વડોદરા-વટવા મેમુ તા. 19 ના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં. 22959 વડોદરા-જામનગર ઇન્ટરસિટી 18 એપ્રિલે રદ કરવામાં આવશે. ટ્રેન નં. 22960 જામનગર-વડોદરા ઇન્ટરસિટી તા. 19 એપ્રિલના રોજ રદ કરવામાં આવશે.

આંશિક રદ કરાયેલી ટ્રેનોમાં ટ્રેન નં. 19033 વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન તારીખ 19 ના રોજ વડોદરા - અમદાવાદ વચ્ચે આંશિક રદ કરવામાં આવશે. ટ્રેનનું નિયમનમાં ટ્રેન નં. 19484 આસનસોલ-અમદાવાદ એક્સપ્રેસ 19 એપ્રિલના રોજ વડોદરા ડિવિઝનમાં 1 કલાક 40 મિનિટનું નિયમન કરવામાં આવશે. ટ્રેન નં. 12834 હાવડા-અમદાવાદ એક્સપ્રેસ 19 એપ્રિલના વડોદરા ડિવિઝનમાં 1 કલાક 40 મિનિટનું નિયમન કરવામાં આવશે. ટ્રેન નં. 22718 સિકંદરાબાદ-રાજકોટ સુપરફાસ્ટ એક્સપ્રેસ તા. 19ના રોજ વડોદરા ડિવિઝનમાં આશરે 45 મિનિટનું નિયમન કરવામાં આવશે.

કાળઝાળ ગરમીમાં ભરબપોરે રોડ સૂમસામ



■ બે દિવસથી ગરમીનો પારો 40 ડિગ્રીની આસપાસ રહેતાં શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. બપોર સમયે વાહન ચાલકોએ બહાર નીકળવાનું પણ ટાળ્યું હતું. જેથી રોડ સૂમસામ ભાંસતા હતા. **(તસવીર : રણજીત સૂર્વે)**

41 ડિગ્રીમાં ચૂંટણી પ્રચારના ફ્યુઝ ઊડ્યા નેતાજીના કાર્યાલયોમાં બપોરે ‘કર્ફ્યુ’ જેવો માહોલ!

આકરા તાપમાં ઉમેદવારોની હાલત કફોડી, ગરમીથી બચવા બપોરનો પ્રચાર પડતો મુકાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.17

રાજ્યભરમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર પહોંચતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે, જેની સીધી અસર હવે રાજકીય માહોલ પર પણ જોવા મળી રહી છે. વડોદરામાં છેલ્લા બે દિવસથી તાપમાન 40 થી 41 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેતા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચાર અત્યંત નીરસ બન્યો છે. આગામી થોડા જ દિવસોમાં મતદાન થવાનું છે ત્યારે ઉમેદવારો અને કાર્યકરો આકરી ગરમીના કારણે મેદાન છોડી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

વડોદરાના રસ્તાઓ પર બપોરના સમયે કરફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. સૂર્યદેવના પ્રકોપ વચ્ચે ભાજપ હોય કે કોંગ્રેસ, તમામ પક્ષોના ઉમેદવારોએ બપોરના સમયે પ્રચાર કરવાનું ટાળ્યું છે. શહેરના વિવિધ વોર્ડના ચૂંટણી કાર્યાલયોમાં બપોરે સન્નાટો છવાયેલો રહે છે. વોર્ડ નંબર 7 ના ચૂંટણી કાર્યાલયની મુલાકાત લેતા જાણવા મળ્યું કે, જે કાર્યાલયો અત્યારે કાર્યકરોથી ધમધમતા હોવા જોઈએ ત્યાં ખુરશીઓ ખાલી પડી છે અને માત્ર એકલ-દોકલ કાર્યકર જ આરામ કરતા નજરે પડે છે.

ગરમીના કારણે ઉમેદવારોએ તેમની પ્રચારની રણનીતિ બદલવી પડી છે. સવારની ફેરણી જે અગાઉ વહેલી શરૂ થતી હતી તે હવે 9 થી 12 વાગ્યા સુધીમાં સમેટી લેવામાં આવે છે. જ્યારે બપોરનો પ્રચાર જે સામાન્ય રીતે 3 કે 4 વાગ્યે શરૂ થતો હતો, તે હવે કાળઝાળ ગરમીને કારણે સાંજે 5 વાગ્યા પછી જ શરૂ કરવામાં આવી રહ્યો છે. દિવસના સમયે ઉમેદવારો ડોર-ટુ-ડોર પ્રચાર કરવાને બદલે સોશિયલ મીડિયા કે ઈન્ડોર મીટિંગો પર વધુ ભાર મૂકી રહ્યા છે. વડોદરામાં ગરમીનું પ્રમાણ વધતા લોકો ઠંડા પીણા અને શેરડીના રસનો સહારો લઈ રહ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં હજુ પણ ગરમીનો પારો વધી શકે છે. શહેરના મુખ્ય માર્ગો બપોરે સુમસામ ભાસી રહ્યા છે, જેની અસર વેપાર-ધંધા અને હવે ચૂંટણી પ્રચાર પર પણ સ્પષ્ટપણે જોવા મળી રહી છે.

ચૂંટણીનો માહોલ હજુ પણ ઠંડો

મતદાનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, છતાં જે પ્રકારે ગરમીનું ‘ટોર્ચર’ વધી રહ્યું છે તેને જોતા ઉમેદવારો માટે મતદારો સુધી પહોંચવું એક પડકાર બની ગયું છે. નેતાઓ અને કાર્યકરોમાં પણ ગરમીને કારણે થાક અને નિરુત્સાહ જોવા મળી રહ્યો છે, જેના લીધે ચૂંટણી પ્રચારમાં અગાઉ જેવો ઉત્સાહ જણાતો નથી.

વડોદરા ભાજપનું ‘ચૂંટણી ઘોષણાપત્ર-2026’

30 વર્ષના શાસન પછી જનતાને વાયદાની ‘લોલીપોપ’ કે વિકાસનું ‘મૃગજળ’?

ટેક્સ ભરતી જનતાને ફરી ભરમાવવાનો ખેલ, વિકાસના નામે માત્ર કાગળ પરના કિલ્લા!

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મહાનગરપાલિકાની આગામી 2026ની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને શહેર ભાજપ દ્વારા આજે ભવ્ય રીતે ‘સંકલ્પ પત્ર’ જાહેર કરાયું છે. જોકે, આ ઘોષણાપત્રના દાવાઓ અને વાયદાઓ સામે શહેરના જાગૃત નાગરિકોમાં ઉગ્ર ચર્ચા જોવા મળી રહી છે. છેલ્લા 30 વર્ષોથી વડોદરામાં ભાજપનું એકહથ્થુ શાસન હોવા છતાં, હજુ પણ શહેરની પાયાની સમસ્યાઓ ઠેરની ઠેર હોવાથી આ નવા મેનિફેસ્ટોને જનતા માત્ર ‘ચૂંટણી લક્ષી લોલીપોપ’ તરીકે જોઈ રહી છે.

ભાજપના સ્થાનીય નેતાઓ અને ધારાસભ્યોની હાજરીમાં રજૂ થયેલા આ ઘોષણાપત્રમાં ફરી એકવાર 100 થી 150 MLD પાણીની ક્ષમતા વધારવા, નવી ઈ-બસ લાવવા અને ટ્રાફિક મુક્ત બ્રીજ બનાવવાની વાતો કરવામાં આવી છે. અહીં પ્રશ્ન એ ઉભો થાય છે કે, છેલ્લા 30 વર્ષથી સત્તામાં હોવા છતાં વડોદરાની જનતાને પીવાના શુદ્ધ પાણી કે સારા રસ્તાઓ માટે હજુ પણ 2026ના વાયદાઓ પર કેમ નિર્ભર રહેવું પડે છે? શું આટલા વર્ષોનો સમય પૂરતો નહોતો?

શહેરનો મધ્યમ વર્ગ અને વેપારીઓ વર્ષોથી પ્રામાણિકપણે મ્યુનિસિપલ ટેક્સ ભરે છે. તેના બદલામાં જ્યારે પણ ચૂંટણી આવે છે, ત્યારે કાચની બોટલમાં ગુલાબી પાણી ભરીને સુંદર ચિત્ર બતાવવાનો અને જનતાને ભ્રમિત કરવાનો પ્રયાસ થતો હોવાની લાગણી જનતામાં પ્રબળ બની છે. પાયાની જરૂરિયાતો જેવી કે ગટર, ડ્રેનેજ અને પીવાનું પાણી હજુ પણ વિવાદના વિષયો છે, ત્યારે હાઈ-ટેક એપ અને ડિજિટલ ગવર્નન્સની વાતો કરીને ટેક્સ ભરતી જનતાને ફરી બેવકૂફ બનાવવામાં આવી રહી હોવાનું ચિત્ર સ્પષ્ટ દેખાય છે.

ભાજપનું નેતૃત્વ ઈ-બસ અને સ્માર્ટ સિટીના પ્રોજેક્ટ્સ ગણાવી રહ્યું છે, પરંતુ ગ્રાઉન્ડ રિપોર્ટ મુજબ સામાન્ય નાગરિક હજુ પણ રસ્તા પરના ખાડા અને ગંદા પાણીથી ત્રસ્ત છે. ચૂંટણીના ટાણે જનતાને નવી સુવિધાઓની લાલચ આપીને મતો મેળવવાની આ રણનીતિ આ વખતે કારગત નીવડશે કે કેમ તે જોવું રહ્યું. વડોદરાની જનતા હવે જૂના વાયદાઓ અને નવી લોલીપોપ વચ્ચેનો તફાવત સારી રીતે સમજી રહી છે.

વડોદરામાં લોકશાહીના પર્વની તડામાર તૈયારી

પોલિટેકનિક કોલેજ ખાતે ચૂંટણી પંચ દ્વારા ‘વાર રૂમ’ તૈયાર : ચુસ્ત પોલીસ બંદોબસ્ત

સ્ટ્રોંગ રૂમની સુરક્ષા અને ગરમીને જોતા સ્ટાફ માટે પીવાના પાણીની વિશેષ વ્યવસ્થા સાથે તંત્ર સજ્જ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો જંગ હવે બરાબરનો જામ્યો છે. એક તરફ ઉમેદવારો મતદારોને રિઝવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે, ત્યારે બીજી તરફ ચૂંટણી પંચ અને વહીવટી તંત્ર દ્વારા પણ મતદાન પ્રક્રિયાને નિર્વિઘ્ન પૂર્ણ કરવા માટે યુદ્ધના ધોરણે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. વડોદરાની પ્રખ્યાત એમ.એસ. યુનિવર્સિટીની પોલિટેકનિક કોલેજ ખાતે ચૂંટણી પંચ દ્વારા અત્યાધુનિક ડિસ્પેચ સેન્ટર તૈયાર કરવામાં આવ્યું છે.

ચૂંટણી અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ પોલિટેકનિક કોલેજ કેમ્પસમાં વ્યાપક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સેન્ટર પર બેરીકેડિંગ અને સ્ટ્રોંગ રૂમની સુરક્ષા માટે ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરી દેવાયો છે. મતદાનના દિવસે કોઈ અવરોધ ન આવે તે હેતુથી મતદાન સામગ્રીના વિતરણ માટે અત્યારથી જ અલગ-અલગ કાઉન્ટરો ઊભા કરી દેવામાં આવ્યા છે. ઈવીએમ મશીનોને સુરક્ષિત રીતે મતદાન મથકો સુધી પહોંચાડવા માટેનું સુનિયોજિત આયોજન પણ તંત્ર દ્વારા પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. ચૂંટણી પ્રક્રિયામાં સામેલ પોલિંગ સ્ટાફ માટે પણ વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મતદાનના દિવસે સ્ટાફને ઈવીએમ અને ચૂંટણી લક્ષી જરૂરી કીટ સોંપવા માટેની કામગીરી હાલ તડામાર ચાલી રહી છે. ખાસ કરીને હાલની કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ દ્વારા માનવીય અભિગમ અપનાવવામાં આવ્યો છે. ડિસ્પેચ સેન્ટર પર કામ કરતા કર્મચારીઓ અને સ્ટાફ માટે પીવાના શુદ્ધ પાણીની પૂરતી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે જેથી ગરમીના કારણે કોઈ મુશ્કેલી ન સર્જાય. સમગ્ર પોલિટેકનિક કોલેજ વિસ્તાર હાલમાં વહીવટી કામગીરીથી ધમધમી રહ્યો છે. ચૂંટણી અધિકારીની દેખરેખ હેઠળ સ્ટાફ અને સુરક્ષા વ્યવસ્થાને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે વડોદરા લોકશાહીના આ પર્વને ઉજવવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

વડોદરા ભાજપમાં ઘરના જ ‘ઘાતક’ બન્યા:

માંજલપુરમાં અસંતુષ્ટ કાર્યકરોએ છેડ્યું પોસ્ટર વોર

“આયાતી ઉમેદવાર નહીં ચાલે” ના નારા સાથે કાર્યકરોનો પક્ષ સામે ખુલ્લો બળવો; સંગઠનમાં જૂથબંદી ચરમસીમાએ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો જંગ જામતા પહેલા જ વડોદરા ભાજપમાં આંતરિક કલહ સપાટી પર આવ્યો છે. શહેરના ન્યૂ સમા રોડ વિસ્તારમાં થયેલા વિરોધ બાદ હવે માંજલપુર વિસ્તારમાં પણ અસંતુષ્ટ કાર્યકરો દ્વારા આયાતી ઉમેદવારો સામે ખુલ્લેઆમ બળવો પોકારવામાં આવ્યો છે. સોસાયટીઓના ગેટથી લઈને સોશિયલ મીડિયા સુધી અસંતુષ્ટ કાર્યકરોએ પોસ્ટર વોર છેડીને પક્ષની નેતાગીરી સામે આક્રોશ વ્યક્ત કર્યો છે.

માંજલપુરમાં લાગેલા નવા પોસ્ટરોમાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું છે કે, “આયાતી ઉમેદવારને મતદાન કરતા નહીં”. આ એક વાક્યએ સત્તાધારી પક્ષમાં ભૂકંપ સર્જ્યો છે. રાજકીય વિશ્લેષકોના મતે, આ પોસ્ટરો માત્ર જનતાનો અવાજ નથી, પરંતુ માંજલપુર ભાજપના એ અસંતુષ્ટ કાર્યકરોની નારાજગી છે જેઓ લાંબા સમયથી પક્ષ માટે પાયાનું કામ કરી રહ્યા છે, પરંતુ ટિકિટ વિતરણ સમયે તેમની અવગણના કરીને અન્ય વિસ્તારના નેતાઓને લાદવામાં આવી રહ્યા છે.

આ પોસ્ટર વોર પાછળ માંજલપુર ભાજપના આંતરિક અસંતોષ અને ઘેરી બનેલી જૂથબંદી જવાબદાર હોવાનું મનાય છે. વર્ષોથી નિષ્ઠાપૂર્વક કામ કરતા કાર્યકરોને પડતા મૂકીને ‘આયાતી’ ચહેરાઓને મેદાનમાં ઉતારવાની પક્ષની રણનીતિ સામે અસંતુષ્ટ કાર્યકરોએ હવે આરપારની લડાઈના મૂડમાં દેખાઈ રહ્યા છે. ટિકિટ ન મળવાનો આક્રોશ હવે શેરીઓમાં પોસ્ટર સ્વરૂપે જોવા મળી રહ્યો છે.

રોજબરોજ સામે આવી રહેલા આ વિરોધ પ્રદર્શનોએ પક્ષ દ્વારા નક્કી કરાયેલા કે સંભવિત ઉમેદવારોની ચિંતામાં વધારો કર્યો છે. પોતાના જ પક્ષના કાર્યકરો જ્યારે વિરોધમાં ઉતરે ત્યારે ચૂંટણી જીતવી લોઢાના ચણા ચાવવા સમાન બની જાય છે. માંજલપુરના આંતરિક રાજકારણનો આ ગરમાવો આગામી દિવસોમાં પક્ષ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. હવે જોવાનું એ રહે છે કે ભાજપ હાઈકમાન્ડ આ અસંતુષ્ટ કાર્યકરોને શાંત પાડવામાં સફળ રહે છે કે પછી આ વિરોધ ચૂંટણીના પરિણામો પર અસર કરશે.

અધિકારીઓના સીધા મોનિટરિંગ હેઠળ રસ્તાઓ ચકાચક કરાયા

વન ડે વન રોડ ઝુંબેશ: સુભાનપુરામાં દબાણોનો સફાયો : કચરો સાફ કરાયો!

ફાયલેરિયા શાખા દ્વારા રોગચાળો રોકવા એમેલો ટ્રીટમેન્ટ હાથ ધરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના નિર્ધાર સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા સફાઈ અભિયાનને વધુ વેગવંતું બનાવવામાં આવ્યું છે. મ્યુનસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેરના દરેક વોર્ડમાં વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આજે વોર્ડ નંબર 11 માં પશ્ચિમ ઝોન દ્વારા વ્યાપક કામગીરી કરવામાં આવી હતી.

વોર્ડ નંબર 11 ના પશ્ચિમ ઝોન દ્વારા આજે ‘વન ડે વન રોડ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત સુભાનપુરા વિસ્તારમાં આવેલા જૈન મંદિરથી લઈને ઝાંસીની રાણી સર્કલ સુધીના મુખ્ય માર્ગો પર સઘન સફાઈ કામગીરી હાથ ધરાઈ હતી. પાલિકાની ટીમો દ્વારા માર્ગો પર જામેલી ધૂળ, માટી અને આજુબાજુ ઉગી નીકળેલા જંગલી ઘાસ તથા ઝાડી-ઝાંખરાને દૂર કરવામાં આવ્યા હતા. રસ્તાના ખૂણેખૂણાની સફાઈ થાય તે માટે અધિકારીઓ દ્વારા વ્યક્તિગત મોનિટરિંગ પણ કરવામાં આવ્યું હતું.

માત્ર સફાઈ જ નહીં, પરંતુ માર્ગ પર નડતરરૂપ બનતા દબાણો સામે પણ પાલિકાએ લાલ આંખ કરી હતી. આ કામગીરી દરમિયાન રસ્તા પર અવરોધ ઉભો કરતા ગેરકાયદેસર દબાણોને હટાવીને માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આરોગ્યની દ્રષ્ટિએ પણ તકેદારી રાખતા ફાયલેરિયા શાખા દ્વારા ગટરોમાં એમેલો ટ્રીટમેન્ટ સહિતની કામગીરી કરવામાં આવી હતી, જેથી મચ્છરોનો ઉપદ્રવ અને રોગચાળો અટકાવી શકાય.

વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, શહેરના દરેક વોર્ડમાં આ પ્રકારે તબક્કાવાર સફાઈ અને દબાણ હટાવવાની કામગીરી ચાલુ રહેશે. વડોદરાની શાન અને સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પાલિકા તંત્ર કટિબદ્ધ છે. સ્થાનિક રહીશોએ પણ પાલિકાની આ કામગીરીને બિરદાવી હતી અને શહેરને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવાની અપીલ કરવામાં આવી છે.

ગોરવામાં નવજાત શિશુનો મૃતદેહ મળ્યો : ત્યજી દેવાયાની આશંકા

પંચવટી નર્મદેશ્વર સોસાયટી પાસે ઘટના, પોલીસ સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આજે વહેલી સવારે એક નવજાત શિશુનો મૃતદેહ મળી આવતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. અજાણ્યા વ્યક્તિ દ્વારા શિશુને ત્યજી દેવાયું હોવાની આશંકા વચ્ચે પોલીસે ઘટનાની ગંભીરતાથી તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી પંચવટી નર્મદેશ્વર કો-ઓપરેટિવ સોસાયટી પાસે આજે વહેલી સવારે એક ત્યજી દેવાયેલું નવજાત શિશુ મૃત હાલતમાં મળી આવ્યું હતું. ત્યાંથી પસાર થતા એક સ્થાનિક નાગરિકની નજર આ માસૂમ શિશુ પર પડતા ઘટનાની જાણ થતા જ આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને સમગ્ર વિસ્તારમાં ગમગીન માહોલ સર્જાયો હતો.

સ્થાનિક રહીશે તાત્કાલિક ગોરવા પોલીસ સ્ટેશનને જાણ કરતા પોલીસનો કાફલો તરત જ સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે શિશુના મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં શિશુને કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા અહીં ત્યજી દેવાયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટના અંગે વધુ માહિતી મેળવવા પોલીસે સોસાયટી તેમજ આસપાસના વિસ્તારોમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવાની કામગીરી શરૂ કરી છે. તે ઉપરાંત પોલીસે નજીકની પ્રસૂતિ ગૃહો અને હોસ્પિટલોમાં તાજેતરમાં થયેલા ડિલિવરીના રેકોર્ડની પણ તપાસ હાથ ધરી છે.જેથી શિશુની ઓળખ અને તેને અહીં મૂકી જનાર વ્યક્તિ સુધી પહોંચી શકાય.પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

કાર વેચાણ તથા સર્વિસ માટે આવતા ગ્રાહકોના રૂપિયા હતા

દશરથ નજીક આવેલા કારના શોરૂમના કેશિયર દ્વારા રૂ. 26.06 લાખની ઉચાપત

ત્રણ મહિનામાં રૂ.39.04 લાખની વસૂલાતમાંથી ફક્ત રૂ.12.97 લાખ જમા કરાવ્યા.

ઓડિટ કરાવતા કેશિયરના કાંડનો પર્દાફાશ : ફરાર કેશિયરને ઝડપી પાડવા ચક્રોગતિમાન

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેર નજીક દશરથ પાસે આવેલા કારના શોરૂમમાં કામ કરતા કેશિયર દ્વારા કાર વેચાણ તથા સર્વિસ માટે આવતા ગ્રાહકો પાસેથી વસૂલ કરેલા રૂપિયા 39.04 લાખમાંથી માત્ર રૂ.12.97 લાખ જ બેંકમાં જમા કરાવ્યા હતા. જ્યારે બાકીના 26.06 લાખ બારોબાર સગે કરી ઉચાપત કરવામાં આવી હતી. હિસાબમાં આવેલી ગડબડ ના કારણે ઓડિટ કરાવતા કેશિયરના કાંડનો ભાંડો ફૂટ્યો હતો. અમદાવાદ આવેલી કંપનીની હેડ કેશિયર દ્વારા ઉચાપતની ફરિયાદ નોંધાવાઈ છે.

ઉચાપત અંગેની પ્રાપ્ત વિગતી અનુસાર અમદાવાદ ખાતે આવેલી ટોયોટા કંપનીના શોરૂમમાં છેલ્લા 19 વર્ષથી ફરજ બજાવતા સિનિયર કેશિયર કલ્પેશભાઈ જયંતીલાલ મિસ્ત્રીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, દશરથ વિસ્તારમાં આવેલા ટોયોટા શોરૂમમાં કેશિયર તરીકે ફરજ બજાવતા કરણ સુખદેવ બારિયા (રહે. દંતેશ્વર, વડોદરા)એ ગેરરીતિ આચરી હોવાની આશંકા ગઈ હતી.

જેના કારણે ઓડિટ કરાવતા 13 જાન્યુઆરી 2025થી 13 એપ્રિલ 2026 દરમિયાન રૂ.39.04 લાખની વસૂલાતમાંથી રૂ.12.97 લાખ જ કંપનીના બેંક ખાતામાં જમા કરાવવામાં આવ્યા હતા, જ્યારે બાકી રહેલા રૂ. 26.06 લાખની ઉચાપત કરવામાં આવી હોવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

ઠગાઈ કરનાર ની પૂછપરછ કરતા કેસીયરે ગેરરીતિની કબુલાત કરતો ન હતો, પરંતુ હિસાબોની ચકાસણી દરમિયાન ભાંડો ફૂટી જતા અલગ-અલગ તારીખે રકમ ઉચાપત કર્યાની કબૂલાત કરી હોવાનું સામે આવ્યું છે. છાણી પોલીસ દ્વારા ઉચાપત કરનાર કેસીયર સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.